ગાંધીનગર સમાચાર

**આજે પંચાયતોની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન**

# શહેરનો નવો જીડીસીઆર એકાદ સપ્તાહમાં : નીતિનભાઈ

ગાંધીનગર, તા. ૭ ગાંધીનગર શહેરના નવા જીડીસીઆરને આગામી એકાદ સપ્તાહમાં સરકાર દ્વારા મંજૂરીની મહોર મારી દેવાશે તેવા સ્પષ્ટ સંકેત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે પત્રકારો સાથેની વાતચીતમાં આપ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે આ માટેની ચર્ચાઓ થઈ ચુકી છે પણ ફાઈલ પર આખરી થઈને આવે એટલે અમે મંજૂરીની મહોર લગાવી દઈશુ. નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતુ કે શહેર તેની ઓળખ ઝડપથી બદલી રહ્યુ છે તેનો અમને સવિશેષ આનંદ છે. નવા જીડીસીઆર પછી શહેરનો વિકાસ પણ ઝડપી બનશે તેવી અમારી આશા વધુ બળવત્તર બની છે.

તેમણે જણાવ્યુ હતુ કે નવા જીડીસીઆર પછી આ શહેરમાં ઘણા બધા બદલાવ થતા તમે જોઈ શકશો.

નીતિનભાઈ પટેલ સમક્ષ સેક્ટરોના આંતરિક રસ્તાઓની દુરસ્તી માટે પણ રજુઆતો શહેરના અગ્રણીઓએ કરી હતી જે ગ્રાહ્ય રાખી તેમણે અધિકારીઓને તાત્કાલિક આ અંગે અહેવાલ આપવા જણાવ્યું હતું.

ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલે સેક્ટરોના આંતરિક રસ્તાઓ પહોળા કરવા, અન્ડરપાસ ખોલવા તેમજ તેના મરામત માટે પણ યોગ્ય કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીએ મ્યુનિ. કમિશનર અને માર્ગ-મકાન અધિકારીઓની ટુંકમાં સંયુક્ત બેઠક યોજી આંતરિક માર્ગો સહિતના મુદ્દાઓના ઉકેલની દિશામાં આગળ વધવામાં આવશે તેવા સંકેત આપ્યા હતા.

## ગાંધીનગર ખાતે 'આરોગ્ય સેતુ' કાર્યક્રમનો વિશ્વ આરોગ્ય દિને શુભારંભ

ગાંધીનગર, તા. ૭ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ 'વિશ્વ આરોગ્ય દિન' ના



અવસરે રાજયના પ્રત્યેક નાગરિક સુધી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધા પહોંચે તેવા સંકલ્પ સાથે 'આરોગ્ય સેતુ' કાર્યક્રમનો ગાંધીનગર ખાતેથી રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગ્રામ આરોગ્ય દ્વારા તંદુરસ્ત-સશક્ત ગુજરાતના નિર્માણ માટેનો ગુજરાતનો સંકલ્પ એ આ 'આરોગ્ય સેતુ કાર્યક્રમ' દ્વારા સાકાર થાય છે.

તેમણે એમ પણ જણાવ્યું હતુ કે, રાજ્ય સરકારે છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધા પહોંચાડવા 'ગામડે-ગામડે દવાખાના'ના નવતર સંકલ્પ સાથે આ 'આરોગ્ય સેતુ' કાર્યક્રમની શરૂઆત કરી છે. નિરામય ગામડા-સશક્ત ગામડાના નિર્માણ દ્વારા જ સશક્ત અને વિકસિત ગુજરાતનું નિર્માણ થઈ શકશે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

પ્રત્યેક નાગરિકના તન અને મન સુખી તો જ દેશ અને રાજ્યનો સર્વાંગી વિકાસ શક્ય બની શકે તેવું જણાવતાં મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સશક્ત અને તંદુરસ્ત ગુજરાતના નિર્માણ દ્વારા ગુજરાતના સર્વાંગી વિકાસ દ્વારા ભારત દેશના વિકાસનું આપણું સપનું સાકાર કરવા તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રે પરિણામલક્ષી બદલાવ માટે અનેકવિધ કાર્યક્રમો શરૂ કર્યા છે.

અગાઉની સરકારોમાં આરોગ્ય વિષયકલક્ષ ઓછું આપવાના કારણે ગામડાં સુધી દવાખાના પહોંચ્યા નહોતા, હોસ્પિટલો હતી તો સાધનો ન હતા, સાધનો ઉપલબ્ધ હોય તો ડૉકટર્સ ન હોય અને ડૉકટર્સ હોય તો દવાનો જથ્થો ન હોય આવી વિટંબણાઓ વચ્ચે અટવાયેલા આરોગ્ય ક્ષેત્રનો આ રાજ્ય સરકારે પરિણામલક્ષી બદલાવ કર્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. દિલસુખરાય હરિરામ નિમ્બાર્ક
સ્વ.તા ૮-૪-૨૦૧૬
ॐ असतो मा सद्गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्मा अमृतं गमय ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
આપના પરિજનો
ગં.સ્વ. તારાબેન દિલસુખભાઈ નિમ્બાર્ક
મેહુલ દિલસુખભાઈ નિમ્બાર્ક  ઉત્પલ દિલસુખભાઈ નિમ્બાર્ક
અંશ ઉત્પલભાઈ નિમ્બાર્ક  નીતા ઉત્પલભાઈ નિમ્બાર્ક

## સેવાસેતુ કાર્યક્રમમાં જ વીજળી વેરણ થઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧ અને ૪ના યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન વીજળી વેરણ થતાં થોડીકવાર માટે સેવાઓ ખોરવાઈ જવા પામી હતી.

**દારૂ પી ને કનડગત કરાતી હોવાની મહિલાની ફરિયાદ પણ કાર્યક્રમમાં રજુ થઈ : કાર્યક્રમ સ્થળે ભાજપનું પ્રચાર સાહિત્ય વેચાતા રાજકીય વિવાદ**

આ સેવાસેતુ કાર્યક્રમમાં દારૂ પી ને પરિવારને કનડગત કરવામાં આવતી હોવાની પણ એક ફરિયાદ પોલીસ અધિકારીઓ સમક્ષ મહિલાએ કરી હતી. તો ૧૫ થી વધુ નગરજનોએ તેમના મિલ્કતવેરાની આગોતરી ચુકવણી પણ કરી હતી. ૪૦થી વધુ આવકના દાખલા તેમજ ડોમિસાઈલ સર્ટિફિકેટની પણ અરજીઓ મળી હતી. ૫૧૮ લોકોએ બેંક એકાઉન્ટ સાથે આધાર સીડીંગ અને મોબાઈલ લીંકની સેવાનો લાભ લીધો હતો. સવારે નવ વાગ્યે શરૂ થયેલ આ સેવાસેતુ કાર્યક્રમમાં ૨૦૫૦ જેટલા બાજદારો નોંધાયા હતા. જેમાંથી ૧૯૪૬ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ, ૫ અરજીઓનો નકારાત્મક નિકાલ થયો છે જ્યારે ૯૪ અરજીઓ પડતર રહેવા પામી છે.

આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી અને જિલ્લાના પ્રભારીમંત્રી ડૉ. નિર્મલા વાધવાણીએ પણ હાજરી આપી હતી. ગાંધીનગર મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, સ્ટે. ચેરમેન મનુભાઈ પટેલ, કાઉન્સીલરો કાર્તિક પટેલ, નીતિન પટેલ, શ્રીમતિ હર્ષાબા ધાંધલ, શ્રીમતિ બરખાબેન જ્હા, ધીરૂભાઈ ડોડિયા, અંકિત બારોટ, પ્રવિણાબેન વોરા, પ્રવિણાબેન દરજી, પૂર્વ કાઉન્સીલરો સુરેશ મહેતા અને જાગૃતિબેન પુરોહિત પણ જોડાયા હતા અને મનપાની ટીમને પ્રોત્સાહિત કરી હતી. આ કાર્યક્રમમાં ભાજપના શહેર એકમના આગેવાનો કનુભાઈ દેસાઈ, અમૃતભાઈ દેસાઈ, કૈલાશબેન લખવારા, અવનીબેન પટેલ, કીર્તિ પટેલ, જીતેશ ઠક્કર, સીતારામભાઈ પટેલ, ઉદેચા સહિત મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમના સ્થળે ભાજપના સ્થાપના દિનની ઉજવણીની પત્રિકા તેમજ પુસ્તિકાઓનું વિતરણ થયાની વાતે રાજકીય વિવાદ ઉભો થયો છે.

## બહુમાળી કર્મચારી આવાસો બનાવી શહેરના તમામ સેકટરોનું રિ-ડેવલપમેન્ટ કરાશે

**સે. ૩૦માં બી.૧ કક્ષાના મકાનોના ખાતમુહૂર્ત કર્યુ : નાયબ મુખ્યમંત્રી; બહુમાળી ટાવર સાથે શોપીંગ પણ બનશે**



ગાંધીનગર, તા. ૭ ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોના રિડેવલપમેન્ટની દિશામાં સરકાર આગળ વધી રહી છે અને એટલે જ બહુમાળી કર્મચારી આવાસોના નિર્માણ પર ભાર મુકવામાં આવ્યો છે તેમ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે સે. ૩૦માં બી.૧ કક્ષાના બહુમાળી મકાનોના શિલાન્યાસ પ્રસંગે ઉચ્ચાર્યા હતા.

તેમણે પોતાના ટુંકા પ્રવચનમાં જણાવ્યુ હતુ કે સેક્ટરોના વિકાસની સાથે સાથે ગાંધીનગર પણ પોતાની ઓળખ બદલી રહ્યુ છે. સે. ૩૦માં બનનાર આ બી.૧ કક્ષાના મકાનોનું કામ આગામી ૧॥ વર્ષમાં પૂર્ણ થઈ જશે અને તે પૂર્ણ થયેથી કર્મચારીઓને ફાળવી આપવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આ મકાનો સાથે એક આધુનિક શોપીંગ સેન્ટર પણ ડેવલપ કરવામાં આવશે જેથી બહુ દૂર ખરીદી માટે વસાહતીઓને જવુ ન પડે.

ગાંધીનગર શહેરની તમામ કિંમતી જમીનનો યોગ્ય ઉપયોગ કરી અને સેક્ટરોના રિડેવલપમેન્ટ કરવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે મનપાના કાયદાને અનુસરી અને મકાનોની ડિઝાઈન કરવામાં આવશે.

વિવિધ સેક્ટરોમાં બનેલા સરકારી આવાસો જુના થયા છે એટલુ જ નહિ હવે તેની નિભાવણી અને મરામત ખર્ચ પણ વધી રહ્યો છે

● અનુસંધાન પાન-૭ પર

STARTS FROM
1ST MAY 2017
Infocity Club & Resort
SUMMER CAMP
Following are the rates for summer camp -30 days, starting from 1st may 2017:-
1. Swimming:- Rs 2500/
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
4. Football:- Rs 1200/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
2. Lawn Tennis:- Rs 1500/-
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
3. Cricket:- Rs 1500/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
TENNIS SWIMMING CRICKET FOOTBALL
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
For More Info Call : +91 99099 06372 / +91 96380 85711
* Terms & Conditions Apply
Infocity Club & Resort, Indroda Circle, S.G. Highway, Gandhinagar
Call : 079 23213111/ 22/ 33/ 44/ 55, M:+91 99099 06372
www.infocityclub.net

## આજે પંચાયતોની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન

ગાંધીનગર, તા. ૭

જિલ્લામાં પંચાયતોની બીજા તબક્કાની ચૂંટણી માટેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. આજે સાંજ સુધીમાં તમામ પોલીંગ પાર્ટીઓ તેમના નિયત કરાયેલા મતદાન મથક પર પહોંચી ગઈ હોવાનું જાણવા મળેલ છે.

સવારે ૮ વાગે મોકપોલ ચૂંટણી એજન્ટોની હાજરીમાં સંપન્ન કર્યા બાદ મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થશે. જે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા હોવાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યુ છે.

૧૭૦૦થી વધુ ઈવીએમ મશીન આ ચૂંટણીમાં ઉપયોગમાં લેવામાં આવી રહ્યા છે. આ ચૂંટણીમાં બે લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ ચૂંટણીમાં ૪૦૦ જેટલા વોર્ડ બિનહરિફ થયા છે.

જિલ્લામાં ચૂંટણીનો માહોલ ગ્રામ્ય વિસ્તારમાં બરાબરનો જામ્યો છે. ઉમેદવારોએ આજે અંતિમ દિવસે પણ લોકસંપર્ક અભિયાન ચાલુ રાખ્યુ હતુ તેમજ મિત્રમંડળના રાજકારણના ખેલંદાઓ પણ છેલ્લી ઘડીએ મેદાનમાં આવી ગયા છે અને તેને કારણે સમગ્ર જિલ્લામાં ભારે ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. મોડી સાંજે કલોલ પ્રાંત અધિકારી કિશોર ભાલોડિયા અને ચૂંટણીના અધિકારીઓ માણસા તેમજ કલોલ તાલુકાના ગામોમાં રાઉન્ડ માટે નીકળ્યા હોવાનું જાણવા મળેલ છે.

મનાલી ટ્રેકિંગ
બે બેંચ : ૨૧મી મે અને ૫મી જૂન. દિન-૧૦. વય : ૧૩થી ૨૫ વર્ષ. ગાંધીનગરથી ગાંધીનગર.
ફી : રૂા. ૧૧,૦૦૦/-
સંપર્ક : કશ્યપ નિમાવત
મો. ૯૮૨૪૧ ૬૦૪૭૪

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500® TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com